# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

## માસ્ટર ઑફ જૈનિઝમ્ દ્વિતીય વર્ષ - ૨

April - 2021

દ્વિતીય સ

ગુણાંક ૫૦

## પ્રશ્ન પત્ર

સુચના (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) ખોટા એનરોલમેન્ટ નં તથા ન સમજાય એવા એનરોલમેન્ટ નંબર માટે ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૬) સમયસર તા. ૨૮ ફેબ્રુવરી સુધી પેપર નહી મળે તો બીજા ૧૦ ગુણ ઓછા કરવામાં આવશે. (૭) નિબંધના માર્કસ્ ગ્રેડ પ્રમાણે આપવામાં આવશે (૮) જવાબ પત્ર, નિબંધમાં નામ, એનરોલમેન્ટ નંબર, વર્ષ અને સત્ર લ જરુરી છે. (૯) જવાબ તત્વાર્થ સૂત્રના અભ્યાસ પુસ્તકના પ્રથમ બે અધ્યાયમાંથી લખવાનો છે.

**પ્રશ્ન -૧ ખાલી જગ્યા પુરો** ૨૫

૧. આ વિશ્વમાં રહેલી અનંતાનંત વર્ગણાઓમાં કેવળ.............. એવી છે જેને જીવ ગ્રહણ કરી શકે છે.
૨. મિથ્યાત્વ ગુણસ્થાનથી સયોગી ગુણસ્થાન સુધી.................. સંવર છે.
૩. ................. બીજો ભેદ વિચાર થી રહિત હોય છે.
૪. તત્વાર્થ સૂત્ર................. ના કટૂ પરિણામ જણાવી આત્મામાંથી એમને દૂર કરવાની સમજણ આપે છે.
૫. અજ્ઞાનતા ના કારણે જીવને તત્વ પ્રત્યે અશ્રદ્ધા થાય તે.................. મિથ્યાત્વ છે.
૬. મદ અને માન ને સમાવી દેવો, અહંકાર પ્રગટ થવા ન દેવું તે................. છે.
૭. આત્મ સાધનામાં બાધક અહંકાર અને આસક્તિ નો ત્યાગ.................... થાય છે.
૮. ................... ની પ્રાપ્તિ પૂર્વે સર્વજ્ઞતાની પ્રાપ્તિ અનિવાર્થ જણાવવામાં આવી છે.
૯. જે ગતિ હોય તેજ................... હોય અને એજ આયુષ્ય હોય.
૧૦. કર્મના................... ને પ્રકૃતિ બંધ કહેવાય છે.
૧૧. હાથ,પગ, મસ્તક અને ડોક હીનાધિક હોય અને હૃદય, ઉદર સુલક્ષણા હોય તે શરીરાકૃતિ......... કહેવાય છે.
૧૨. જ્ઞાન ના અતિચારોથી સંયમ દુષિત કરે તે ................. છે.
૧૩. ...............જ્યાં સુધી કર્મનો રંગ છે ત્યા સુધી કર્મ પ્રમાણે................ ગતિ કરવી પડે છે.
૧૪. પ્રશસ્ત, સમ્યગ્ એવો યોગી નો નિગ્રહ તે.............. છે.
૧૫. .............. યથા ખ્યાત ચારિત્ર નો ઘાત કરે છે.
૧૬. આઠ વર્ગણા ઓ................ સ્વરૂપ અજીવ છે.
૧૭. જે બીજા ના ઉપદેશથી વૈરાગ્ય કે બોધ પામે તે.................... સિદ્ધ થાય છે.
૧૮. મહાવ્રતો આદિ મૂળ કે ઉત્તર ગુણો ન હોય તો આગુણો............. બની શકતા નથી.
૧૯. સંયમ જીવનમાં જેમ જેમ સાધક............... ને સહન કરે છે તેમ તેમ સંયમી માં અદ્ભૂત સામર્થ્ય પ્રકટે છે.
૨૦. આત્મા ના અક્ષય સ્થિતિ ને આવરણ કરે તે ................. છે.
૨૧. ભણેલા કે સાંભળેલા શ્રુત જ્ઞાનનું ચિંતન મનન કરી જીવનમાં ઉતારવું તથા અનેકો ને જ્ઞાન માર્ગના આરાધક બનાવવા તે .............. છે.
૨૨. ................ ભાવના એ આત્મિક મસ્તી છે.
૨૩. દાંભિકતા એ .................... નો મહાશત્રૂ છે.
૨૪. જિન શાસન.................. પ્રધાન છે.
૨૫. મલીન અવસ્થા જેની ચાલી ગઈ છે તે ............... છે.

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જ્વાબ આપો.** ૨૫

૧. મનથી ચારિત્ર માં સૂક્ષ્મ દોષો લગાડી સંયમ ને દુષિત કરે તે કોણ ?
૨. શુભ-અશુભ કર્મ બંધ વિનાની કેવળ બિર્જરાજ હોય એ શું છે ?
૩. કયા ગ્રંથો મુખ્યતા એ કષાય અને યોગ ને કર્મ બંધના કારણ જણાવે છે?
૪. કયો નોકષાય નગર ના દાહ સમાન છે તે ક્યારે પણ શાંત થાય જ નહીં ?
૫. કર્મ નો વિપાક એટલે ફળ આપવાની શક્તિ ને શું કહેવાય છે ?
૬. સન્માનના ભાવ સાથે સર્વ પ્રકારની ગુરુ ભગવંતો ની આશાતના, અવહેલના નો ત્યાગ કરવો શું છે ?
૭. પુદ્ગલ દ્રવ્ય ની કેટલા પ્રકાર ની ગતિ છે ?

૮. શિષ્યાદિ ને શ્રુત દ્વારા હિતશિક્ષા આપવી, ધર્મનો મર્મ સમજાવવો તથા શ્રી ચતુર્વિધ સંઘ ને બોધ આપવો તે શું છે ?
૯. આત્મિક સુખ પ્રાપ્તિ નું એક શ્રેષ્ઠ સાધન શું છે ?
૧૦. આત્માના અનંત ચારિત્ર ગુણ ને આવરણ કરતું કર્મ કયો ?
૧૧. અનંત ભેગા થાય તો પણ ચક્ષુથી જોઈ શકાય નહીં તે કયો કર્મ ?
૧૨. દ્રવ્ય પર્યાય, શબ્દ અર્થ, મન, વચન, કાયાદિ સંક્રમણ શુક્લધ્યાન ના કયા ભેદમાં નથી ?
૧૩. એક સિદ્ધ થયા પછી કંઈક સમય બીત્યા પછી બીજા સિદ્ધ થાય તે કયા સિદ્ધ ?
૧૪. જે પુદ્‌ગલો જીવો ને ચિંતન મનનમાં ઉપયોગી થાય તેને શું કહેવાય છે ?
૧૫. ઔદારિક શરીર વર્ગણા બીજા વર્ગણાઓ કરતા સ્થુલ હોવાથી આ શરીર ને શું કહેવાય છે ?
૧૬. જીવ ના કર્મદલિકો સાથેના સંબંધમાં કર્મ દલિકો કેટલા પ્રદેશવાળા હોય છે ?
૧૭. વિવેક પૂર્વક પ્રત્યેક વ્યક્તિ ની સાથે વચન વ્યવહાર કરવું તે શું છે ?
૧૮. વસ્તુની પ્રાપ્તિ ન થવા છતાં મનમાં શોક ન કરવો પણ સંતોષ વૃત્તિ ધારણ કરવી તે શું છે ?
૧૯. ચિત્તની એકાગ્રતા વધારે માં વધારે કેટલા સમય સુધી રહે ?
૨૦. સ્નાતક અને નિર્ગંથ ને કઈ લેશ્યા હોય છે ?
૨૧. જે કર્મ ના ઉદયે જિનધર્મ પ્રત્યે રાગ પણ ન હોય અને દ્વેષ પણ ન હોય તે કયો કર્મ ?
૨૨. આત્મિક ઉન્નતિનું કારણ શું છે ?
૨૩. શેની માયા ભુલાય તોજ આત્મ સ્વરૂપ માં લીનતા આવે ?
૨૪. કઈ અવસ્થામાં માત્ર લોભનો અત્યંત સૂક્ષ્મ અંશ રહેલો હોય છે ?
૨૫. સયોગી કેવલી અને અયોગી કેવલી શુક્લધ્યાન ના કયા ભેદ ના સ્વામી છે ?

**પ્રશ્ન–૩** **વિવિધ ગ્રંથોની સહાયતા સાથે તમારા શબ્દોમાં ૧૫ થી ૧૭ ફુલસ્કેપ પાનાનો મહાનિબંધ લખો (કોઈ પણ એક)**

૧. કર્મ – (વ્યાખ્યા, બંધના હેતુ, ભેદ, સ્થિતિ, રસ પ્રદેશ, બંધનાદિ ક્ષય ના કારણો)
૨. સંવર અને નિર્જરા – (ઉપાયો, બાહ્ય તથા, અભ્યંતર જાપ, અનુ પ્રેક્ષાદિ, તરતમતા)
૩. યતિધર્મ – (પ્રકારો, પરિષહ જય, ચારિત્રાદિ, વ્દારા જીવ ની મુક્ત દશા)

એમ.જે. પાર્ટ –૨ કેન્દ્રિય પરીક્ષા પ્રશ્ન-પત્ર કેવો હશે ?

| | |
|---|---|
| પ્રશ્ન ૧ – ખાલી જગ્યા પૂરો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૨ – એક શબ્દમાં જવાબ લખો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૩ – નીચેના વાક્યો સાચા કે ખોટા જણાવો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૪ – જોડકાં જોડો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૫ – એક વાક્યમાં વાખ્યા લખો | ગુણાંક ૨૦ |
| કુલ | ૧૦૦ |

**નિંબધ માટે નીચે મુજબ ગ્રેડિંગ રહેશે.**

૧) ૪૦ માર્કસ્‌ની ઉપર – એ+ ૨) ૩૫ માર્કસ્‌ની ઉપર – એ ૩) ૩૦ માર્કસ્‌ની ઉપર – બી+.
૪) ૨૫ માર્કસ્‌ની ઉપર – બી ૫) ૨૦ માર્કસ્ થી ઓછા – સી

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ – ૪૩૧ ૦૦૧
www.achalgach.com